ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાના બાળકોને
મધ્યાહન ભોજન પૂરું પાડવાની યોજના શરૂ
કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ નં. મભય-૧૩૮૪-ક,

સરદાર ભવન, સચિવાલય, સંકુલ,

ગાંધીનગર, તા. ૯મી નવેમ્બર, ૧૯૮૪.

ઠ રા વ

ભારતના સંવિધાનમાં ૬ થી ૧૦ વર્ષના વય જૂથના તમામ બાળકોને ફરજીઆત પ્રાથમિક શિક્ષણ આપવાનું વિચારવામાં આવ્યું છે. આ જોગવાઈ અમલમાં હોવા છતાં તથા છેલ્લા લગભગ ૩૫ વર્ષોથી કેટલાંક આનુષંગિક પગલાં લેવામાં આવ્યાં હોવા છતાં, ૧૯૮૧ની વસતિ-ગણતરી અનુસાર, ગુજરાતમાં અક્ષરજ્ઞાનનો સ્તર ૪૦.૭૦ ટકા છે. આ ચિંતાની બાબત છે અને સમયબદ્ધ ધોરણે નિરક્ષરતા નિવારવાનું મુશ્કેલ બની ન જાય એ દ્રષ્ટિએ તાત્કાલિક ઉપાયાત્મક પગલાં લેવાં જરૂરી બને છે. આ પરિસ્થિતિના કારણોમાં જણાયું છે કે શાળાઓમાં ગરીબીને લીધે ગેરહાજરીનું પ્રમાણ રહેતું હોય છે અને તેના પરિણામે અધવચ્ચે અભ્યાસ છોડી દેનાર બાળકોનો દર ઊંચો રહે છે. તેથી નિરક્ષરતા ઘટાડવા માટે વિચારાયેલાં ઉપાયાત્મક પગલાંમાંથી ગરીબી દૂર કરવાની કામના હોવી ઘટે.

૨. ગરીબી દૂર કરવાના સંદર્ભમાં અને તે દ્વારા શાળાઓમાં હાજરીનું પ્રમાણ સુધારવા તથા પરિણામે અક્ષરજ્ઞાનનો સ્તર ઊંચો લાવવા, અત્યાર સુધીના અનુભવ પરથી જણાયું છે કે પ્રાથમિક શાળાનાં બાળકોને પોષક આહાર પૂરો પાડવાની બાબત અત્યંત મહત્વનો ભાગ ભજવી શકે એમ છે. મધ્યાહ્ન ભોજન યોજનાની આ શક્યતાને વિચારણામાં લઈને સરકારે, આ સરકારી ઠરાવ સાથે જોડેલ યોજનાઓમાં જણાવ્યા પ્રમાણેની વિગતો અનુસાર અમલ કરવાનો નિર્ણય કર્યો છે. આ ઠરાવના જોડાણ તરીકે આપવામાં આવેલી યોજના સરકારે સંપૂર્ણપણે મંજૂર કરી છે અને યોજનાના કોઈપણ પાસા અંગે કોઈપણ અલગ મંજૂરી જરૂરી બનતી નથી. તેથી કોઈ વધુ હુકમોની રાહ જોયા વિના સંબંધીત સૌએ તાત્કાલિક પગલાં લેવા.

૩. આ યોજના, આ સાથેની યાદીમાં દર્શાવ્યા મુજબના ૬૮ તાલુકાઓમાં તા. ૧૪મી નવેમ્બર, ૧૯૮૪થી અને એ પછી સરકાર દ્વારા જેમ અને જ્યારે અધિસૂચિત કરવામાં આવે તેમ અને ત્યારે બીજા તાલુકાઓમાં અમલમાં આવશે.

૪. આ યોજના અંગેનું ખર્ચ, અંદાજપત્રના સદર "૨૭૭-શિક્ષણ-ક-પ્રાથમિક શિક્ષણ-બપોરના નાસ્તા માટેની યોજના અંગેનું ખર્ચ (નવું શરૂ કરવાનું)" ખાતે ઉધારવું.

૫. આ ઠરાવ, આ વિભાગની સમાન નંબરની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૯-૧૧-૮૪ની નોંધ અન્વયે મળેલી સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કૃ. પો. [illegible],
સંયુક્ત સચિવ.

પ્રતિ

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્ય મંત્રીશ્રીના સચિવ,
બધા મંત્રીશ્રીઓના અંગત સચિવો,
બધા રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવો,
બધા નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવો,
સચિવ, ભારત સરકાર, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી (પત્રદ્વારા),
રજિસ્ટ્રાર, હાઈકોર્ટ, ગુજરાત (પત્ર દ્વારા),

**મધ્યાહન ભોજન યોજના જે તાલુકાઓમાં તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૮૪ થી અમલમાં આવશે તેની યાદી.**

| અ. નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ભાવનગર | ૧ ભાવનગર (ગ્રામ્ય)<br>૨ ઘોઘા ૩. વલ્લભીપુર |
| ૨ | સુરેન્દ્રનગર | ૧ લખતર ૨. મુળી |
| ૩ | સુરત | ૧ પલસાણા ૨. વાલોડ ૩. વ્યારા<br>૪. ઓલપાડ ૫. સોનગઢ ૬. માંગરોળ |
| ૪ | ખેડા | ૧ બોરસદ ૨. માતર ૩: આણંદ ૪. ઠાસરા<br>૫. નડીયાદ. |
| ૫ | જામનગર | ૧. લાલપુર ૨.. કાલાવડ ૩. દ્વારકા<br>૪. જામનગર ૫. જોડીયા |
| ૬ | કચ્છ | ૧: માંડવી ૨: મુંદ્રા |
| ૭ | અમદાવાદ | ૧. ધોળકા ૨. દસક્રોઈ ૩. વિરમગામ<br>૪. ધંધુકા |
| ૮ | સાબરકાંઠા | ૧. માલપુર ૨. બાયડ ૩. ભિલોડા<br>૪. ખેડબ્રહ્મા: |
| ૯ | ભરૂચ | ૧. વાલીયા ૨. ભરૂચ ૩. ડેડીયાપાડા<br>૪. જંબુસર ૫. વાગરા. |
| ૧૦ | પંચમહાલ | ૧. દાહોદ ૨. શહેરા ૩. ઝાલોદ ૪. લીમખેડા. |
| ૧૧ | વડોદરા | ૧. વાઘોડીયા ૨. પાવી જેતપુર ૩. સાવલી<br>૪. પાદરા |
| ૧૨ | વલસાડ | ૧. ઉમરગાંવ ૨. ગણદેવી ૩. પારડી<br>૪. ચીખલી ૫. ધરમપુર |
| ૧૩ | રાજકોટ | ૧ લોધિકા ૨. કોટડા સાંગાણી ૩. જસદણ |
| ૧૪ | ગાંધીનગર | ૧ ગાંધીનગર |
| ૧૫ | ડાંગ | ૧ ડાંગ |
| ૧૬ | બનાસકાંઠા | ૧ દાંતા ૨. રાધનપુર ૩. વડગામ ૪. વાવ. |
| ૧૭ | અમરેલી | ૧ લીલીયા ૨. લાઠી |
| ૧૮ | જુનાગઢ | ૧ માંગરોળ ૨. વિસાવદર ૩. કુતિયાણા<br>૪ વંથલી |
| ૧૯ | મહેસાણા | ૧ હારિજ ૨. વિસનગર ૩. કડી ૪. કલોલ. |
| | કુલ | ૬૮ |

---

### તારીખ ૯મી નવેમ્બર, ૧૯૮૪નો શિક્ષણ ખાતાનો ઠરાવ ક્રમાંક : મભય--૧૩૮૪--કનું સાંધણ—જોડાણ.

### મધ્યાહન ભોજન યોજના અંગેની માહિતી

### ગુજરાતની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન આપવા માટેની યોજના

**પ્રસ્તાવના** :—જુન ૧૯૬૦માં ગુજરાતની અલગ રાજ્ય તરીકે રચના થયા બાદ ભારતના સંવિધાનમાં દર્શાવેલા જનકલ્યાણ અંગેના ઉદ્દેશોને સુસંગત રહીને રાજ્ય સરકારે સામાન્યત: રાજ્યના સંતુલિત વિકાસ માટે અને ખાસ કરીને ગરીબોની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા માટે સંખ્યાબંધ પગલાં લીધાં છે. રાજ્યની રચના પછીના ૨૫ વર્ષના સમય દરમ્યાન ગુજરાતે કેટલાંય ક્ષેત્રોમાં વિકાસની હરણફાળ ભરીને રાજ્ય દેશમાં મોખરે રહ્યું છે. આમ છતાં રાજ્યના વિકાસ ક્ષેત્રે ખાસ કરીને ગરીબોની સ્થિતિ સુધારવા માટે આવી પ્રવૃત્તિઓના વ્યાપક સંબંધમાં ક્યાંક ક્યાંક ન્યુનતા જોવા મળે છે.

ગુજરાતમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોની ટકાવારી ૪૫ ટકા હોવાનો અંદાજ છે. ગરીબી નિવારણ માટે રાજ્યમાં લક્ષ્યાંક-જુથનો અભિગમ ધરાવતી અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવેલી હોવા છતાં ગરીબીની સ્થિતિની સુધારણામાં સારી એવી અસર ઉપજાવવા માટે હજુ ઘણું બધું કરવું જરૂરી છે. તે જ પ્રમાણે સંવિધાનમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અંગેની જોગવાઈ હોવા છતાં સને ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજ્યમાં અક્ષરજ્ઞાનની ટકાવારી ૪૩.૭૦ ટકા છે. જીવન આંકની ભૌતિક ગુણવત્તાની દ્રષ્ટિએ પણ, ગુજરાતે આ બાબતમાં અપેક્ષિત કક્ષા સુધી પહોંચવા માટે જ નહિ પરંતુ દેશના બીજા કેટલાંક રાજ્યોની વિકાસ કક્ષા સુધી પહોંચવા માટે પણ હજુ ઘણું બધું કરવાનું બાકી છે. અક્ષરજ્ઞાન, પોષણકક્ષા અને અપેક્ષિત આયુષ્ય પરથી માપી શકાય એવી જીવનની ગુણવત્તા સુધારવા માટે પોષણનું ધોરણ ઊંચું લાવવું ખાસ કરીને દેશની સંભાવ્ય માનવ સંપત્તિરૂપ યુવાનોમાં એ ઘણી જ મહત્વની બાબત છે. આ સંદર્ભમાં, શાળાએ જતાં બાળકોને પોષણક્ષમ આહાર પૂરો પાડવાની યોજના, તેની વિવિધ લાભપ્રદ અસરો જોતાં, સમયના તકાદારૂપ હોવાનું જણાશે.

ગુજરાત સરકાર છેલ્લા કેટલાક સમયથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના દાખલ કરવાનું વિચારી રહી છે. હાલ દસ લાખ બાળકોને આવરી લેતી સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મર્યાદિત ધોરણે આવો કાર્યક્રમ ચલાવવાનો રાજ્ય સરકારને થોડો અનુભવ છે. આમ છતાં ઉપરોક્ત સંદર્ભમાં નીચે દર્શાવેલ ઉદ્દેશો હાંસલ કરવા માટે આ યોજના માટે વધુ વિસ્તૃત ધોરણે વિચારવું પડશે.

—પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને મધ્યાહન ભોજન આપવું એ ગરીબી નિવારણ અંગેના રાજ્યના પ્રયત્નોને પૂરક બનશે.

—આવી યોજનાને પરિણામે વિકાસશીલ વયજુથના બાળકોનું પોષણ ધોરણ સારા એવા પ્રમાણમાં ઊંચું આવશે.

—અધવચ્ચે શાળા છોડી જનારાને રોકવા અને સામાન્ય હાજરીમાં સુધારો કરવા ઉપરાંત મધ્યાહન ભોજન યોજના વધારે વિદ્યાર્થીઓને, ખાસ કરીને વધુ ગરીબ વિભાગના વિદ્યાર્થીઓને શાળામાં આકર્ષી શકશે.

—આ યોજના દરેક ગામમાં કેટલીક રોજગારની તકો પૂરી પાડશે.

—આ યોજના સામાજિક અને રાષ્ટ્રીય ઐક્ય સાધવાનું એક પગલું બની રહેશે.

—ઉપર દર્શાવેલ બાબતોને લક્ષમાં લઈ નીચેની યોજના દાખલ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**યોજનાનું નામ** :—આ યોજના "મધ્યાહન ભોજન યોજના" તરીકે ઓળખાશે.

**અમલ કરવાની તારીખ** :—આ યોજના રાજ્ય સરકાર દ્વારા અધિસૂચિત કરેલ તાલુકા/જિલ્લાઓમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીની જન્મતારીખ ૧૯મી નવેમ્બર ૧૯૮૪ના દિવસથી અમલમાં આવશે, અને તબક્કાવાર આખા રાજ્યમાં લંબાવવામાં આવશે.

**મધ્યાહન ભોજન કેન્દ્રની વ્યાખ્યા** :—મધ્યાહન ભોજન કેન્દ્રનો અર્થ જ્યાં "આ યોજના અમલમાં મુકવાની હોય એ પ્રાથમિક શાળા" એવો થશે.

**વ્યાપક** :—(૧) આ યોજના સરકાર, પંચાયતો અને નગરપાલિકાઓ સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓમાં અમલમાં મૂકવામાં આવશે.

(૨) મધ્યાહન ભોજન, શાળાના કામના દિવસોમાં બાળકોને આપવામાં આવશે ચાલુ દિવસોની સંખ્યા વર્ષમાં આશરે ૨૨૦ દિવસો જેટલી થાય છે. મધ્યાહન ભોજન રજાના દિવસોએ આપવામાં આવશે નહિ.

(૩) યોજનાનું સમગ્ર ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. આમ છતાં સ્થાનિક સહયોગ અને પંચાયતો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ખાનગી સંગઠનો કે ખાનગી વ્યક્તિઓની સહાયને આવકારવામાં આવશે.

રૂપરેખા :—

(૧) બાળકદીઠ દૈનિક જોગવાઈ :—

બાળક દીઠ જોગવાઈ સામાન્ય રીતે નીચે પ્રમાણે રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ઘઉં (અથવા જુવાર, બાજરી, મકાઈ વિગેરે) | ૬૦ ગ્રામ |
| ૨ | ચોખા | ૨૦ ગ્રામ |
| ૩ | દાળ (કઠોળ) | ૨૦ ગ્રામ |
| ૪. | ખાદ્ય તેલ. | ૫ ગ્રામ |
| ૫. | શાકભાજી અને મરી મસાલા | ૫૦ ગ્રામ |

(૨) ઉપર નિયત કરેલ ખાદ્ય સામગ્રીને ધ્યાનમાં લઈને સ્થાનિક અભિરૂચી, પસંદગી અને સગવડના આધારે વાનગીઓ સ્થાનિક રીતે નક્કી કરી શકાશે. મળતી સામગ્રીનો ઉપયોગ કરીને આ વાનગીઓમાં વૈવિધ્ય લાવવા ફેરફાર કરી શકાશે. આમ છતાં એક જ દિવસે રાંધવાની વાનગીઓ બને તેટલી ઓછી રાખવામાં અને સમાન પધ્ધતિઓ અપનાવવામાં કેટલાક લાભ છે તે ધ્યાનમાં રાખવું ઈચ્છનીય છે.

(૩) બાળક દીઠ ખર્ચ :—

આ યોજના હેઠળ બાળક દીઠ ખર્ચ નીચે પ્રમાણે અંદાજાયેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ખાદ્ય સામગ્રી (મરી મસાલા અને શાકભાજી સહીત) | ... | ૭૦ પૈસા |
| ૨. | બળતણ | ... | ૧૦ પૈસા |
| ૩. | પરચુરણ ખર્ચ, આકસ્મિક ખર્ચ, વહીવટી ખર્ચ વગેરે | ... | ૨૦ પૈસા |
| | કુલ | | ૧૦૦ પૈસા એટલે કે ૧/--રૂપિયો. |

(૪) પુરવઠા માટે વ્યવસ્થા :—

પુરવઠાની વ્યવસ્થા કરવાની મુખ્ય જવાબદારી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની રહેશે. તેઓ રસ્તા અનાજની દુકાનો ખાતે ખાદ્ય સામગ્રી મોકલવા સારું તેમની હાલની જાહેર વિતરણ પધ્ધતિના માળખાનો ઉપયોગ કરી શકશે. જાહેર વિતરણ પધ્ધતિના સ્થળ અને મધ્યાહન ભોજન કેન્દ્રો વચ્ચે નોંધપાત્ર અંતર હોય ત્યાં કલેકટર/મામલતદાર સ્થાનિક વ્યવસ્થા કરી શકશે. રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે જરૂરી હોય ત્યાં તાલુકા ગોડાઉનોમાંથી મધ્યાહન. ભોજન કેન્દ્ર સુધી અથવા વ્યાજબી ભાવની દુકાનોમાંથી કેન્દ્રો સુધી ખાદ્યસામગ્રી પહોંચાડવાની તૈયારી દર્શાવી છે. કલેકટર પોતાની વિવેકબુધ્ધિ અનુસાર ઉપરોકત નિગમનો ઉપયોગ ખાદ્ય સામગ્રીની હેરફેર માટે કરી શકશે.

શાકભાજી તેમજ મરી મસાલા અને બળતણનું લાકડું મેળવવાની વ્યવસ્થા સ્થાનિક રીતે કરવાની રહેશે. મધ્યાહન ભોજન વ્યવસ્થાપક આ માટે જવાબદાર રહેશે.

નાગરિક પુરવઠા નિગમ કામચલાઉ સમય માટે કોઈ ખાદ્ય સામગ્રી પૂરી પાડી શકે એમ ન હોય તો એવી સામગ્રી મેળવવા માટે સ્થાનિક વ્યવસ્થા કરવાની રહેશે.

મામલતદાર શરૂઆતમાં કેન્દ્રની સરેરાશ હાજરીના આધારે ૩૦ દિવસની સામગ્રી પૂરી પાડવાની વ્યવસ્થા કરશે અને તે પછી દર મહિને ખૂટતો જથ્થો એવી રીતે પૂરો પાડશે કે જેથી કોઈપણ સમયે કેન્દ્રમાં ઓછામાં ઓછા ૧૫ દિવસની ખાદ્ય સામગ્રીનો જથ્થો રહે.

શાકભાજી મરીમસાલા અને બળતણ માટે જરૂરી નાણાં અગાઉથી જ દોઢ માસની જરૂરીયાતને લક્ષમાં રાખીને, મધ્યાહન ભોજન વ્યવસ્થાપકને પેશગીરૂપે ચૂકવવામાં આવશે અને ખર્ચેલ નાણાં દર મહિને ભરપાઈ કરી આપવાના રહેશે.

તાલુકા કક્ષાએ શિક્ષણ ખાતામાં શાળાનાં કર્મચારીઓ અને મધ્યાહન ભોજનના કર્મચારીઓ વચ્ચે ગાઢ સંકલન સુનિશ્ચિત કરવા એક કેળવણી નિરીક્ષક નીમવાના રહેશે.

રાજ્ય કક્ષાએ યોજનાનો અમલ શિક્ષણ ખાતા દ્વારા થશે. મધ્યાહ્ન ભોજન યોજના માટે કમિશનર આ યોજનાના સંચાલનના વડા તરીકે રહેશે. યોજનાના અમલ માટે એક અલગ નિયામકની કચેરી સ્થાપવામાં આવશે.

## નિરીક્ષણ.

યોજનાનો સરળ અમલ સુનિશ્ચિત કરવા માટે તમામ મધ્યાહન ભોજન કેન્દ્રોનું નિયમિતપણે નિરીક્ષણ કરવાની બાબત ખુબ અગત્યની છે. આ હેતુ માટેના નિરીક્ષણ અધિકારીઓ જીલ્લા કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીના નિયંત્રણ હેઠળનાં મહેકમમાંથી લેવામાં આવશે. નિરીક્ષણ અધિકારીને દર મહિને નિરીક્ષણ કરવા માટે ૧૦ કેન્દ્રો સોંપવામાં આવશે. આ કેન્દ્રો તેમને કેન્દ્રનાં નામ જોગ સોંપવામાં આવશે. કલેક્ટર અને જીલ્લા વિકાસ અધિકારી એમના અધિકારીઓ વચ્ચે કેન્દ્રોની ફાળવણી એવી રીતે કરશે કે જેથી તમામ કેન્દ્રોનું નિરીક્ષણ નિયમિતપણે થઈ શકે. નિરીક્ષણ અધિકારીએ તૈયાર કરેલ નિરીક્ષણ અહેવાલ કલેક્ટર અને જીલ્લા વિકાસ અધિકારી મોકલવામાં આવશે. નિરીક્ષણ અહેવાલ આ સાથે જોડેલ નમુનામાં તૈયાર કરવાનો રહેશે.

## દેખરેખ નિયંત્રણ.

રાજ્ય કક્ષાએ મુખ્ય મંત્રીશ્રીનાં અધ્યક્ષપણા હેઠળ એક દેખરેખ નિયંત્રણ અને સમીક્ષા સમિતિ રહેશે, અને તેમાં યોજના સાથે સંબંધિત મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ સભ્યો તરીકે રહેશે.

મધ્યાહ્ન ભોજન યોજનાના નિયામક, આ સમિતિનાં સભ્ય-સચિવ રહેશે. રાજ્ય કક્ષાએ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિ અમલવારી માટે રહેશે. તેમાં સંબંધિત વિભાગોનાં સચિવો અને ખાતાનાં વડા સભ્યો તરીકે રહેશે. મધ્યાહ્ન ભોજન યોજનાના નિયામક, આ સમિતિના પણ સભ્ય-સચિવ રહેશે.

જિલ્લા કલેક્ટર, જિલ્લા કક્ષાએ યોજનાના અમલની સમીક્ષા કરવા અને તે પર દેખરેખ નિયંત્રણ રાખવા માટે સંબંધિત અધિકારીઓની એક સમિતિ રચી શકશે. આ સમિતિમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા પુરવઠા અધિકારી, રાજ્ય પરિવહન નિયંત્રક, અને નાયબ કલેક્ટર (મધ્યાહ્ન ભોજન યોજના)નો સમાવેશ કરી શકાશે. કલેક્ટરશ્રી પોતાની વિવેક બુદ્ધિ અનુસાર અન્ય અધિકારીઓનો પણ સમાવેશ કરી શકશે. દરેક મધ્યાહ્ન ભોજન કેન્દ્રોને સહાય કરવા માટે એક સમિતિની રચના કરવાનું ખુબ અગત્યનું છે. કેન્દ્ર કક્ષાની સમિતિમાં મધ્યાહ્ન ભોજન વ્યવસ્થાપકો આમંત્રક તરીકે રહેશે.

આ સમિતિ નીચે મુજબ રચવાની રહેશે.

| | |
|---|---|
| (૧) વાલીઓના પ્રતિનિધિઓ (તેમાંથી બે સ્ત્રીઓ હોવી જ જોઈએ.) | ૪ |
| (૨) સરપંચ | ૧ |
| (૩) મુખ્ય શિક્ષક | ૧ |
| (૪) મધ્યાહન ભોજન વ્યવસ્થાપક | ૧ |

વાલીઓના પ્રતિનિધિઓમાં એક અનુસૂચિત જાતિના રહેશે. જ્યાં અનુસૂચિત જનજાતિની વસ્તી હોય ત્યાં અનુસૂચિત જનજાતિનું પ્રતિનિધિત્વ ધરાવતો એક વધુ સભ્ય સમિતિમાં ઉમેરી શકશે.

તે જ પ્રમાણે જ્યાં લઘુમતિ કોમોની અને પછાતવર્ગોની વસ્તી હોય ત્યાં તેમને પણ પ્રતિનિધિત્વ આપવાનું રહેશે. અપવાદરૂપ કિસ્સાઓમાં સભ્ય-સંખ્યામાં ફેરફાર થઈ શકશે. આ સમિતિની રચના મામલતદારે કરવાની રહેશે. અને આ સમિતિ આ યોજના ચલાવવા માટેની બધી સહાય કરશે. અને તે "પ્રહરી" સમિતિ તરીકે કામ કરશે.

## લોક સહયોગ.

ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને સખાવતી સંસ્થાઓ તેમજ દાનવીર વ્યક્તિઓ જરૂરતમંદની વહારે આવે એવી પુરાણી પરંપરા છે. શાળાએ જતા બાળકોને જમાડવા તે પુણ્યનું કાર્ય ગણાય છે. યોજનાના સફળ અમલ માટે આ ઉદાર ભાવનાનો સંપૂર્ણ રીતે ઉપયોગ કરવો જોઈએ. તેથી કલેક્ટર અને મામલતદારે આ કાર્યક્રમમાં સ્થાનિક કક્ષાએ આવી સંસ્થાઓને સામેલ કરવાનો પ્રયત્ન કરવાનો રહેશે. તેમના દ્વારા અપાતી સહાયમાં વાસણો પુરા પાડવા, ગરીબ બાળકોને થાળી-વાડકા આપવા, રસોડું અને સ્ટોર બાંધી આપવા, પાણીની સગવડ પૂરી પાડવી તથા યોજનાને સહાયરૂપ થાય તેવી અન્ય પ્રકારની મદદ અને દાન વગેરેનો સમાવેશ કરી શકાય.

**તબીબી તપાસ.**

આરોગ્ય ખાતાએ સમયાંતરે પ્રાથમિક શાળાઓમાં બાળકોની તબીબી તપાસની વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે યુનિસેફે નિયત કરેલા ધોરણો અપનાવી શકાશે. આ હેતુ માટે મેડીકલ એસોસીએશનો તથા અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ લઇ શકાશે. આરોગ્ય ખાતું આ સંબંધમાં વિગતવાર સૂચાઓ બહાર પાડશે.

**સાવચેતી. :—**

બાળકોને સમૂહ ભોજન આપવાની પ્રવૃત્તિ એ અંત્યંત કાળજી અને સાવધાની સાથે કરવાની પ્રવૃત્તિ ઘણી જ કાળજી પૂર્વક અને સ્વાસ્થ્યપદ વાતાવરણમાં રસોઈ કરવામાં આવે તેની ખાતરી કરવાનું અતિ આવશ્યક છે. આ સંબંધમાં તમામ સાવચેતી રાખવાની જવાબદારી રસોઈયા, સહાયક અને મધ્યાન્હ ભોજન સંચાલકની રહેશે. નિરીક્ષણ અધિકારીઓએ આ બાબતો પ્રત્યે ખાસ ધ્યાન આપવાનું રહેશે. કોઈપણ કટોકટીના પ્રસંગે સમયસર તબીબી સહાય આપવાની રહેશે. આ માટે, આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલી શાળાઓને જુદા જુદા તબીબી કેન્દ્રો વચ્ચે ફાળવવી અને તબીબોએ, આરોગ્ય નિરીક્ષકોએ અને અન્ય કર્મચારીઓએ કેન્દ્રના આરોગ્ય અને સ્વાસ્થ્યનું ધોરણ નિયમિત રીતે તપાસવું જોઈએ. અને વખતોવખત સૂચનાઓ આપવી જોઈએ. તથા તેનું પાલન કરાવવું જોઈએ આરોગ્ય વિભાગ દ્વારા આ સંબંધમાં વિગતવાર સૂચનાઓ તાત્કાલિક બહાર પાડવાની રહેશે.

**રજીસ્ટરો અને નિયત પત્રકો :**

દરેક કેન્દ્ર ખાતે નીચેના રજીસ્ટરો રાખવાં:—
(સાથે જોડેલ નમુનામાં)

૧. દૈનિક હાજરીનું રજિસ્ટર.

૨. રોકડ મેળ

૩. પહોંચબુક

૪. વાઉચર ફાઈલ

૫. બેન્ક પાસબુક

૬. સ્ટોક-રજીસ્ટર

૭. ડેડ સ્ટોક રજીસ્ટર

૮. કાર્યનોંધ-વહી

૯. મુલાકાત પોથી

નીચેનાં નિયત પત્રકો સાથે જોડેલ પ્રોફોર્મા રજૂ કરવાં.--

૧૦. મામલતદારને માસિક અહેવાલ

૧૧. કલેકટરને મામલતદારનો માસિક અહેવાલ

૧૨. સરકારને કલેકટરનો માસિક અહેવાલ

૧૩. નિરીક્ષણ અહેવાલ.

# ફોર્મ નં. ૧

————————————————ખાતેની————————————————————નો

(ગામનું નામ) (શાળાનું નામ)

૧૯૮ ના..................મહિના માટેની મામલતદારને મોકલવાનો મધ્યાહ્‌ન ભોજન વ્યવસ્થાપકનો માસિક અહેવાલ.

૧. કેન્દ્ર પાસે નીચેના માટે હંગામી/કાયમી વ્યવસ્થા છે :

(૧) રસોઇ અને સંગ્રહ માટેનાં વાસણો ... ... ... ... ... ... ... ... ... ... ... ...

(૨) રસોડું ... ... ... ... ... ... ... ... ... ... ... ...

(૩) સ્ટોર ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૨. શાળામાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૩. મહિના દરમ્યાન સરેરાશ હાજરી. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૪. મહિનાના દિવસોની સંખ્યા. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૫. મહિનાના કામના દિવસોની સંખ્યા. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૬. આપવામાં આવેલ ભોજનની સંખ્યા. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૭. મહિનામાં આપવામાં આવેલ ભોજનની કુલ સંખ્યા. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૮. મહિના દરમિયાન મધ્યાહન ભોજનના કેન્દ્ર પર સરેરાશ હાજરી. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૯. મહિના દરમિયાન કુલ ખર્ચ. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૧૦. મહિનાને અંતે હાથ પર રોકડ સિલક. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૧૧. મહિનાની વપરાશ અને મહિનાને અંતે સ્ટોક. ... ... ... ... ... ... ... ... ... ... ... ...

(૧ ઘઉં (બરછટ ધાન્ય) ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...

(૨) ચોખા ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...

(૩) કઠોળ ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...

(૪) ખાદ્ય તેલ ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...

૧૨. બધા ચાલુ દિવસોએ ભોજન આપવામાં આવ્યું ન હોય, તો તેના કારણો. ... ... ... ... ... ... ... ... ... ... ... ...
... ... ... ... ... ... ... ... ... ... ... ...

૧૩. વિશેષ નોંધ :— ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...

તારીખ :— મધ્યાહન ભોજન વ્યવસ્થાપકશ્રીની સહી........................

મધ્યાહન ભોજન વ્યવસ્થાપકનું નામ..........................................

———